GUJARAT GAS

**GGL/SEC/2023/1162** **24th August, 2023**

| | |
|---|---|
| **BSE Limited,**<br>Phiroze Jijibhoy Tower,<br>Dalal Street, Mumbai<br><br>**Company Code: BSE-GUJGAS** | **National Stock Exchange of India Ltd.**<br>Exchange Plaza, 5th Floor, Plot No. C/1, G Block, Bandra Kurla Complex,<br>Bandra (East), Mumbai – 400 051<br><br>**Company Code: NSE-GUJGASLTD** |

**Sub: Newspaper Advertisement titled- Notice to the shareholders for the 11th (Eleventh) Annual General Meeting to be held through Video Conferencing (VC) / Other Audio Visual Means (OAVM), E-Mail Id/Mobile No./Bank Mandate updation, TDS on dividend income and request for dematerialization of equity shares.**

**Respected Sir/Madam,**

Please find enclosed copies of the newspaper advertisement for aforementioned subject. The advertisements appeared in Financial Express- All India Edition (English Language) (Gujarati Language in Gujarat Edition) on 24th August, 2023.

This will also be hosted on the Company's website, at www.gujaratgas.com

This is for your record and reference.

Thanking You.

Yours faithfully,

**For Gujarat Gas Limited**

Sandeep Dave

Digitally signed by Sandeep Dave
DN: c=IN, o=Personal, title=5397, pseudonym=13306241170717207 7f1485Eh1r2od65, 2.5.4.20=6ad72d79236b5dc8cafbfb5c50c7369ea609d33877775d6da398fd27f41c3ebf, postalCode=382024, st=Gujarat, serialNumber=2e730495face7cec9ce0617656a1b6b9708e36bef5f715769debaeebc944de5a, cn=Sandeep Dave
Date: 2023.08.24 11:48:07 +05'30'

**Sandeep Dave**
**Company Secretary**



**GUJARAT GAS LIMITED** (A GSPC Group Company- Government of Gujarat Undertaking)
Corporate Office: 2, Shanti Sadan Society, Near Parimal Garden, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat, India.
Tel.: +91-79-26462980, 26460095 Fax : +91-79-26466249
Registered Office: Gujarat Gas CNG Station, Sector-5/C, Gandhinagar - 382 006, Gujarat, India. Tel.: +91-79-23264777, 23264999
Website : www.gujaratgas.com, www.gspcgroup.com CIN : L40200GJ2012SGC069118

# GUJARAT GAS LIMITED

**Registered Office:** Gujarat Gas CNG Station, Sector 5/C, Gandhinagar – 382006, Gujarat
**Tel:** +91-79-26462980 **Fax:** + 91-79-26466249 **Website:** www.gujaratgas.com
**E-mail Id:** Investors@GUJARATGAS.com
**CIN:** L40200GJ2012SGC069118

GUJARAT GAS

## NOTICE TO THE SHAREHOLDERS FOR THE 11TH (ELEVENTH) ANNUAL GENERAL MEETING TO BE HELD THROUGH VIDEO CONFERENCING (VC) / OTHER AUDIO VISUAL MEANS (OAVM), E-MAIL ID/MOBILE NO./ BANK MANDATE UPDATION, TDS ON DIVIDEND INCOME AND REQUEST FOR DEMATERIALIZATION OF EQUITY SHARES

1. **11th Annual General Meeting of the Company through VC/OAVM:**
   **NOTICE** is hereby given that the **11th (Eleventh)** Annual General Meeting ("AGM") of the Shareholders of Gujarat Gas Limited ("the Company") will be held on **Friday, 29th September, 2023 at 3:00 P.M** (IST) through Video Conference ("VC") / Other Audio Visual Means ("OAVM") facility in compliance with all the applicable provisions of the Companies Act, 2013 and the Rules made there under and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, read with General Circular dated 8th April, 2020, 13th April, 2020, 5th May, 2020, 13th January, 2021, 5th May, 2022 and 28th December, 2022 issued by Ministry of Corporate Affairs **("MCA Circulars")** and SEBI Circular dated 12th May, 2020, 15th January, 2021, 13th May, 2022 and 5th January, 2023 issued by Securities and Exchange Board of India **("SEBI Circulars")**, to transact the business that will be set forth in the Notice convening the AGM.
   The Members can join and participate in the Meeting through VC/OAVM facility only. The instructions for joining the 11th AGM and the manner of participation in the remote electronic voting or casting through the e-voting system during the 11th AGM will be provided in the Notice of the 11th AGM. Members participating in the AGM through VC/OAVM shall be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Companies Act, 2013.
2. **Dispatch of Notice of AGM and Annual Report for the Financial Year 2022 – 23 through Electronic mode only:**
   The Notice of the 11th Annual General Meeting and the Annual Report for the FY 2022 – 23 including the Financial Statements for the Financial Year ended 31st March, 2023 will be sent to all Members of the Company whose E-mail addresses are registered with the Company's R&TA/Depository Participants, in accordance with the MCA Circulars and SEBI Circulars. The Notice of the 11th AGM and the Annual Report will also be available on the website of the Company i.e. **www.gujaratgas.com** and the website of the Stock Exchanges where the Equity Shares of the Company are listed, i.e. BSE Limited (at **www.bseindia.com**) and National Stock Exchange of India Limited (at **www.nseindia.com**) and on the website of Central Depository Services (India) Limited (CDSL) (at **www.evotingindia.com**).
3. **Registration/updation of E-mail IDs/Mobile No. and Electronic Bank Mandates:**
   ***Manner of registering/updating E-mail IDs/Mobile No.:***
   - **For Shareholders holding Shares in Physical mode:** The Members holding Shares in Physical Form who have not registered their E-mail addresses/Mobile No. with the Company can get the same registered by sending Form ISR – 1 to KFin Technologies Limited ("KFintech") or E-mail the same with E-Sign to KFintech at **einward.ris@kfintech.com**. The said Form ISR – 1 is available on website of the Company viz. **www.gujaratgas.com**.
   - **For Shareholders holding Shares in Demat mode:** The Members holding Shares in Demat Form are requested to update their E-mail address for obtaining all the communications and Mobile No. for obtaining login credentials with their Depository Participant.

   ***Manner of registering/updating Bank Mandates:***
   - **For Shareholders holding Shares in Physical mode:** The Members who have not updated their mandate for receiving the Dividends directly in their Bank accounts through Electronic Clearing Service or any other means ("Electronic Bank Mandate"), can register their Electronic Bank Mandate to receive Dividends directly into their Bank account electronically, by sending Bank Account details including Bank name and branch, Bank account number, IFSC code in Form ISR – 1 to KFintech or E-mail the same with E-Sign to KFintech at **einward.ris@kfintech.com**. The said Form ISR – 1 is available on website of the Company viz. **www.gujaratgas.com**.
   - **For Shareholders holding Shares in Demat mode:** The Members holding Shares in Demat Form are requested to update their Electronic Bank Mandate with their Depository Participant.
4. **Manner of Voting on Resolutions placed before the AGM:**
   The Company is providing Remote E-voting Facility ("Remote E-voting") to its Shareholders to cast their votes on all resolutions set out in the Notice of the AGM. Additionally, the Company is providing the facility of voting through E-voting system during the AGM ("E-voting"). The manner of Remote E-voting / E-voting for Shareholders holding Shares in dematerialized mode, physical mode and for Shareholders who have not registered their E-mail addresses will be provided in detail in the Notice of the AGM. The details will also be made available on the Company's website **www.gujaratgas.com** and on the website of Central Depository Services Limited (CDSL) (at **www.evotingindia.com**).
5. **Dividend, its Record Date, Manner of payment of Dividend, if declared at the AGM and Tax on Dividend Income:**
   ***Dividend and its Record Date:***
   The Shareholders may note that the Board of Directors, at its Meeting held on 10th May, 2023, has recommended Dividend of ₹ 6.65 per Share of ₹ 2/- each (i.e. @ 332.5%) for the Financial Year ended 31st March, 2023, subject to the approval of the Shareholders at the ensuing AGM.
   The Company has fixed **Monday, 11th September, 2023** as "Record Date" for determining entitlement of Dividend of ₹ 6.65 (i.e. 332.5%) per Share of ₹ 2/- each for the Financial Year ended on 31st March, 2023.
   ***Manner of Payment of Dividend, if declared at the AGM:***
   The Dividend, if approved by the Shareholders at the 11th AGM, will be paid through electronic mode to the Shareholders who have updated their bank details. Dividend Warrants/Demand Drafts will be dispatched to the registered address of the Shareholders who have not updated their bank details.
   To avoid delay in receiving Dividend and to receive the Dividend directly into their bank account on the payout date, Shareholders are requested to update their Bank details by following the procedure set out at para 3 above.
   ***Tax on Dividend Income:***
   The Company vide its separate email communication dated 8th July, 2023, had informed its members regarding the withholding of tax (TDS – Tax Deducted at Source) on Dividend in compliance with the provisions of Income Tax Act, 1961. The said communication also specifies the process to be followed by the members for claiming exemption from deduction of TDS subject to submission of requisite documents / declarations / forms, etc. The said communication can be accessed from Company's Website viz. **https://www.gujaratgas.com/investors/tds-on-dividend/**. We request you to submit these details and documents as mentioned in the communication **on or before 13th Septemeber, 2023.** No communication on the Tax determination / deduction shall be entertained post the above specified timelines. The Shareholders are requested to upload the Documents/Forms on the upload centre of Company's ['R&TA'] https://ris.kfintech.com/form15/. ***The forms shall be submitted through the above specified mode only, no other mode shall be accepted.***
   The above information is being issued for the information and benefit of all the Members of the Company and is in compliance with the MCA Circular/s and the SEBI Circular/s.
6. **Request for dematerialization of equity shares:**
   As per Regulation 40 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended, Securities of listed companies can be transferred only in Dematerialized Form with effect from 1st April, 2019, except in case of request received for transmission or transposition of securities. In view of this and to eliminate all risks associated with physical shares, members holding shares in Physical Form are requested to consider converting their holdings to Dematerialized Form. Kindly refer our communication available at **https://www.gujaratgas.com/resources/downloads/Intimation-to-shareholders05092018.pdf** for benefits of holding shares in dematerialized form.

**For Gujarat Gas Limited**
**Sd/-**
**Sandeep Dave**
**Company Secretary & Compliance Officer**

**Place:** Ahmedabad
**Date:** 23rd August, 2023

published in Financial Express Ahmedabad edition dated 24 August, 2023 (English)

# સેન્સેક્સ બેન્ક શેર્સમાં લેવાલીથી ૨૧૩ પોઇન્ટની વૃદ્ધિ સાથે બંધ

**પીટીઆઈ**
મુંબઈ, તા.૨૩

યુરોપના શેરબજારોમાં વૃદ્ધિ અને બેન્કિંગ કાઉન્ટર્સમાં લેવાલીને કારણે બુધવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૧૩ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૯,૪૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તરની ઉપર બંધ રહી હતી. બીએસઈ સેન્સેક્સ ૨૧૩.૨૭ પોઈન્ટસ અથવા ૦.૩૩ ટકાના વધારા સાથે ૬૫,૪૩૩.૩૦ પર બંધ રહ્યો હતો. જ્યારે દિવસ દરમિયાન સેન્સેક્સ ૨૮૪.૬૮ પોઈન્ટસ અથવા ૦.૪૩ ટકાના ઉછાળા સાથે ૬૫,૫૦૪.૭૧ના સ્તરને સ્પર્શ્યો હતો. એનએસઈ નિફ્ટી ૪૭.૫૫ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને ૧૯,૪૪૪૫૨ બંધ રહી હતી. નિફ્ટીના ૫૧ શેરોમાંથી ૨૯ શેરોન ગ્રીન ઝોનમાં હતાં, જ્યારે ૨૨ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સના પેકમાં આઈસીઆઈસીઆઈ બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લાર્સન એન્ડ ટુબ્રો, મારુતિ, તાતા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેન્ક, બજાજ ફાયનાન્સ, નેસ્લે, પાવર ગ્રીડ અને એચડીએફસી બેન્કમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે જિયો ફાયનાન્શિયલ સર્વિસ, ભારતી એરટેલ, તાતા મોટર્સ, ટેક મહિન્દ્રા, આઈટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં નરમાઈ જોવા મળી હતી. એશિયાના બજારોમાં ટોકિયો અને હોંગકોંગના બજારોમાં વૃદ્ધિ જોવા મળ્યો હતો. જ્યારે સિયોલ અને શાંઘાઈ પણ ઘટાડો થયો હતો. યુરોપના બજારો બપોરના સત્ર દરમિયાન સકારાત્મક જોવા મળ્યા હતાં. જ્યારે અમેરિકાના શેરબજારોમાં મંગળવારે મિશ્ર વલણ સાથે બંધ રહ્યા હતાં. સ્થાનિક ઈક્વિટી મારચે બેન્કિંગ સેક્ટર, આઈટી અને ફાર્મામાં મર્યાદિત વૃદ્ધિ સાથે સેન્ટિમેન્ટ સકારાત્મક જોવા મળ્યું હતું, તેમ જિયોજિત ફાયનાન્શિયલ સર્વિના સંશોધન વડા વિનોદ નાઈરે જણાવ્યું હતું. શુક્રવારે સુનિશ્ચિત થયેલ જેક્શન હોલ ખાતે મધ્યસ્થ બેન્કમાં બેન્કર્સના મેળાવડાના પરિણામની રાહ જોતા વૈશ્વિક બજારોમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું, તેમ નાઈરે ઉમેર્યું હતું. વૈશ્વિક તેલ બેન્ચમાર્કમાં બ્રેન્ટ ક્રૂડ વાયદો ૦.૮૩ ટકાના ઘટાડા સાથે ૮૩.૩૩ ડોલર પ્રતિ બેરલ બોલાતો હતો. શેરબજારના આંકડા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (એફઆઈઆઈ) મંગળવારે સ્થાનિક ઈક્વિટીમાંથી રૂપિયા ૪૯૫.૧૭ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

# રૂપિયો ગ્રીનબેક સામે ૨૮ પૈસા વિસ્તરી ૮૨.૭૧ પર બંધ રહ્યો

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૨૩

ડોલર સામે રૂપિયો આજે સતત બીજા દિવસે મજબૂત રહ્યો હતો. બુધવારે રૂપિયો ડોલર સામે ૨૮ પૈસાની નોંધપાત્ર મજબૂતી સાથે ૮૨.૭૧ (અગાઉના બંધ ભાવ સામે) પર બંધ રહ્યો હતો, જે છેલ્લા બે મહિનામાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો છે. ફોરેક્સના વેપારીઓએ જણાવ્યું હતું કે, આઈપીઓના ઈનફ્લો અને સ્થાનિક બજારમાં સકારાત્મક વલણને કારણે રૂપિયાને ટેકો મળ્યો છે. તેની સાથે ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો થતા પણ રૂપિયામાં મજબૂતી આવી હતી. જો કે, એફઆઈઆઈની વેચવાલી અને ડોલરમાં તીવ્ર વધારીથી રૂપિયાની તેજી સામે અવરોધ ઊભો કર્યો હતો. ઈન્ટરબેન્ક ફોરેન એક્સચેન્જ માર્કેટ ખાતે સ્થાનિક ચલણ ૮૩.૦૨એ ખૂલ્યો હતો. તે પછી દિવસ દરમિયાન ૮૨.૬૮થી ૮૩.૦૨ની રેન્જમાં ટ્રેડ થયો હતો. ડોલર સામે રૂપિયો અંતે અગાઉના બંધ ભાવ સામે ૨૮ પૈસાના નોંધપાત્ર વધારા સાથે ૮૨.૭૧ પર બંધ રહ્યો હતો. અગાઉ ૧૬ જૂનએ એકજ દિવસ રૂપિયોમાં ૩૫ પૈસાનો ઉછાળો આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મંગળવારે ડોલર સામે રૂપિયા ૧૪ પૈસાની મજબૂતી સાથે ૮૨.૯૯ના સ્તરે પહોંચ્યો હતો. અમેરિકાના પીએમઆઈના આંકડા પ્રમાણે રૂપિયાના વેપાર પર અસર થઈ શકે છે, જ્યારે શુક્રવારે જેક્સન હોલ સિમ્પોસિયમમાં ફેડ ચેરમેન ફેરોમ પોવેલના ભાષણ પહેલા રોકાણકારો સાવચેતી રહી શકે છે, તેમ ચૌધરીએ ઉમેર્યું હતું. આ દરમિયાન ડોલર ઈન્ડેક્સ ૦.૩૪ ટકાના વધારા સાથે ૧૦૩.૯૧ પર ક્વોટ થયો હતો. જ્યારે છ ચલણોના બાસ્કેટમાં ગ્રીનબેક મજબૂત થયો હતો. વૈશ્વિક તેલ બેન્ચમાર્કમાં બ્રેન્ટ ક્રૂડ વાયદો ૧.૧૧ ટકાના ઘટાડા સાથે ૮૩.૧૦ ડોલર પ્રતિ બેરલ બોલાતો હતો. બીએસઈ સેન્સેક્સ ૨૧૩.૨૭ પોઈન્ટસ અથવા ૦.૩૩ ટકાના વધારા સાથે ૬૫,૪૩૩.૩૦ પર બંધ રહ્યો હતો. જ્યારે દિવસ દરમિયાન સેન્સેક્સ ૨૮૪.૬૮ પોઈન્ટસ અથવા ૦.૪૩ ટકાના ઉછાળા સાથે ૬૫,૫૦૪.૭૧ના સ્તરને સ્પર્શ્યો હતો. એનએસઈ નિફ્ટી ૪૭.૫૫ પોઈન્ટસ અથવા ૦.૨૫ ટકા વધીને ૧૯,૪૪૪ પર બંધ રહી હતી. શેરબજારના આંકડા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (એફઆઈઆઈ) મંગળવારે સ્થાનિક ઈક્વિટીમાંથી રૂપિયા ૪૯૫.૧૭ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

# સચિન તેંડુલકરની રાષ્ટ્રીય પ્રતિક તરીકે નિમણૂંક કરતું ચૂંટણી પંચ

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૨૩

ચૂંટણી પંચ મતદાન પ્રત્યે શહેરી અને યુવાનોની ઉદાસીનતા સામે લડી રહ્યું છે, ત્યારે ચૂંટણીમાં મતદારોની વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે બુધવારે ક્રિકેટિંગ લેજન્ડ સચિન તેંડુલકરને મતદાન પેનલના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તેંડુલકરને રાષ્ટ્રીય ચિહ્ન બનાવવામાં આવ્યા હતા કારણ કે ચૂંટણી પંચ ઓક્ટોબર-નવેમ્બર અને ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની તૈયારી કરી રહ્યું છે.

તેંડુલકર અને મતદાન પેનલ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા હતા. ત્રણ વર્ષના કરારના ભાગરૂપે ક્રિકેટર મતદાર જાગૃતિ ફેલાવશે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેંડુલકરે કહ્યું કે, ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે અને આપણા મતાધિકારનો ઉપયોગ કરવો એ આપણી મુખ્ય જવાબદારી છે.

તેમણે કહ્યું હતું કે, મતદારો માટે મતદાન મથકો પર શ્રેષ્ઠ સુવિધાઓ વધારવા છતાં, કેટલાક ખિસ્સામાં નબળું મતદાન જોવા મળ્યું છે. મતદાન પેનલે કેટલાક શહેરોમાં નબળા મતદાનના મુખ્ય કારણોમાંના એક તરીકે શહેરી અને યુવાનોની ઉદાસીનતાને માન્યતા આપી છે.

# જૂન ક્વાર્ટર માટે જીડીપી વૃદ્ધિ રિઝર્વ બેંકના ૮ ટકાના અંદાજથી વધુ રહેશે

**પીટીઆઇ**
મુંબઇ, તા. ૨૩

પ્રથમ ક્વાર્ટરમાં દેશનો રિયલ જીડીપી વૃદ્ધિ દર રિઝર્વ બેંકના આઠ ટકાના અંદાજ કરતા વધારે રહેશે, તેમ અર્થશાસ્ત્રીઓએ આજે જણાવ્યું હતું. દેશની સૌથી મોટી ધિરાણ બેંક-સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ખાતેના અર્થશાસ્ત્રીઓ દ્વારા ૮.૩ ટકાનો અંદાજ આપવામાં આવ્યો છે જ્યારે ઘરેલું રેટિંગ એજન્સી-ઇકરાએ આનાથી પણ ઊંચો એટલે કે ૮.૫ ટકાનો અંદાજ આપેલો છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(આરબીઆઇ)ને એવી અપેક્ષા છે કે જીડીપી એફવાય-૨૪માં ૬.૫ ટકા વધશે, જેણે એપ્રિલથી જૂનના સમયગાળામાં ૮ ટકાના દરે વધવાનો અંદાજ આપ્યો હતો. વૃદ્ધિ દર અંગેનો સત્તાવાર ડેટા આ મહિને બાદમાં જાહેર થશે. અગાઉના માર્ચ ક્વાર્ટરમાં, રિયલ જીડીપી એક વર્ષ પહેલાના સમયગાળાની સરખામણીએ ૬.૧ ટકા વધ્યો હતો. બન્ને એસબીઆઇ અને ઇકરા આ માટે કેન્દ્ર અને રાજ્યોના વધેલા મૂડી ખર્ચને જશ આપી રહી છે. કારણ કે આનાથી ઝડપી આર્થિક વિકાસ થશે. રેટિંગ એજન્સીએ પણ જણાવ્યું હતું કે લોઅર બેઝરૂજીડીપી એફવાય-૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં લગભગ ચોથા ભાગનો સંકોચાયો હતોરૂજે હેલ્પિંગ પરિબળ રહ્યું છે. સૌમ્ય કાંતિ ઘોષ દ્વારા એક નોંધમાં જણાવાયું છે કે એસબીઆઇ ખાતેના ગ્રુપ મુખ્ય આર્થિક સલાહકારે જણાવ્યું છે કે સૌથી મોટી ધિરાણકાર બેંકે ૩૦ હાઇ ફ્રિક્વન્સી નિર્દેશકોને તપાસ્યા હતા અને ૮.૩ ટકાના અંદાજ પર પહોંચી હતી. ક્વાર્ટર-૧માં મૂડી ખર્ચમાં ઉછાળો રહ્યો છે, સાથે કેન્દ્ર સરકાર બજેટના ૨૭.૮ ટકા ખર્ચ કરી રહી છે, જ્યારે રાજ્યો બજેટના ૧૨.૭ ટકા ખર્ચ કરી રહી છે, તેમ નોંધમાં જણાવાયું છે. રાજ્યો જેવા કે આન્ધ્ર પ્રદેશ, તેલંગાણા અને મધ્ય પ્રદેશમાં ધારાસભાઓની ચૂંટણી યોજાનાર હોવાથી મૂડી ખર્ચમાં ૪૧ ટકા જેટલો વધારો રહ્યો છે.


## ગુજરાત ગેસ લિમિટેડ

**રજિસ્ટર્ડ ઓફિસ :** ગુજરાત ગેસ સીએનજી સ્ટેશન, સેક્ટર ૫/સી, ગાંધીનગર-૩૮૨૦૦૬, ગુજરાત
**ટેલિ નં.:** +૯૧-૭૯-૨૬૪૬૨૯૮૦ **ફેક્સ :** +૯૧-૭૯-૨૬૪૬૬૨૪૯
**વેબસાઈટ :** www.gujaratgas.com **ઈ-મેઈલ :** Investors@GUJARATGAS.com
**સીઆઈએન :** L40200GJ2012SGC069118

GUJARAT GAS

**વિડિયો કોન્ફરન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમ (ઓએવીએમ) મારફત યોજાનાર ૧૧મી (અગિયારમી) વાર્ષિક સાધારણ સભા, ઇ-મેઇલ આઇડી, મોબાઈલ નંબર, બેન્ક મેન્ડેટ-રજીસ્ટ્રેશન/અપડેશન, ડિવિડન્ડની આવક ઉપર ટીડીએસ અને ઈક્વીટી શેર્સના ડીમટીરીયાલાઈઝેશનની વિનંતી અંગે શેર ધારકોને સુચના**

**૧. કંપનીની ૧૧મી (અગિયારમી) વાર્ષિક સાધારણ સભા વીસી/ઓએવીએમ દ્વારા યોજાશે.**

આથી નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત ગેસ લિમિટેડ ('કંપની')ની શેરધારકોની ૧૧મી(અગિયારમી) વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ (''વીસી'') /અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') સુવિધા મારફતે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની લાગુ પડે તેવી જોગવાઈઓ અને તેને અંતર્ગત બનાવાયેલા નિયમોને આધીન તથા સેબીનાં (લીસ્ટીંગના બંધનકારક કરાર અને ડિસ્કલોઝર ની આવશ્યક્તા) રેગ્યુલેશન ૨૦૧૫, મિનિસ્ટ્રી ઑફ કૉર્પોરેટ અફેર્સ (એમસીએ)ના પરિપત્ર ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૩મી એપ્રિલ ૨૦૨૦, ૫મી મે ૨૦૨૦, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧, ૫મી મે, ૨૦૨૨ અને ૨૮મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલા સામાન્ય પરિપત્ર(એમસીએ પરિપત્રો) તથા સિક્યુરીટીઝ ઍન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('સેબી') દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર તા.૧૨મી મે, ૨૦૨૦, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, ૧૩મી મે, ૨૦૨૨ અને ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ના (સેબી સરક્યુલર) સાથે વાંચવામાં આવતા નિયમો મુજબ એજીએમ ની નોટિસમાં નક્કી કરેલ બિઝનેસ ચલાવવાના આશયથી બોલાવવામાં આવી છે.

સભ્યો માત્ર વીસી / ઓએવીએમ સવલત દ્વારા જ મિટિંગમાં ભાગ લઈ શકશે. ૧૧મી એજીએમમાં જોડાવા અંગેની સુચના અને રીમોટ ઈલેક્ટ્રોનિક વોટીંગ અથવા ઈ-વોટીંગ પદ્ધતિથી ૧૧મી એજીએમ દરમ્યાન મત આપવા માટે ભાગ લેવાની પદ્ધતિ ૧૧મી એજીએમની નોટીસમાં પુરી પાડવામાં આવેલ છે. વીસી / ઓએવીએમ ના માધ્યમથી એજીએમમાં ભાગ લેનાર સભ્યોની ગણતરી કંપની કાયદો ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

**૨. એજીએમની નોટીસ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ માત્ર ઇલેક્ટ્રોનિક મોડ મારફતે જ મોકલાશે :**

એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર, જે સભ્યોના ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે નોંધાયેલા છે તેઓને ૧૧મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટ સહિત મોકલવામાં આવશે. ૧૧મી એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ એટલે કે www.gujaratgas.com પર અને કંપનીના શેર જ્યાં લીસ્ટેડ છે તે સ્ટોક એક્ષચેન્જ એટલે કે બીએસઇ લિમિટેડ (www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) (www.evotingindia.com) પર પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

**૩. ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર અને ઇલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ રજીસ્ટર / અપડેટ કરાવવા**

ઈ-મેઈલ આઈડી / મોબાઈલ-રજીસ્ટર / અપડેટ કરાવવાની રીત :

- **જે સભ્યો ફીઝીકલ ફોર્મમાં શેર ધરાવે છે** અને તેમનાં ઈ-મેઈલ એડ્રેસ / મોબાઈલ નંબર કંપની પાસે નોંધાવેલ નથી તેઓ ફોર્મ ISR-1 Kfin Technologies.Ltd ને (kfintech) મોકલીને અથવા ઈમેલ દ્વારા ઈ-સાઈન કરીને einward.ris@kfintech.com ઉપર નોંધાવી શકે છે. ફોર્મ ISR-1 કંપનીની વેબસાઈટ www.gujaratgas.com ઉપર પણ ઉપલબ્ધ છે.
- **જે સભ્યો ડીમેટ ફોર્મમાં શેર ધરાવે છે** તેઓએ Login Credential મેળવવા માટે તથા કંપનીના બધા જ પત્ર વ્યવહાર મેળવવા માટે તેમના ઈ-મેલ એડ્રેસ અને મોબાઈલ નંબર તેઓના ડિપોઝીટરી પાર્ટિસીપન્ટ પાસે રજીસ્ટર કરાવવા વિનંતી.

**બેંક મેન્ડેટ - રજીસ્ટર/અપડેટ કરાવવાની રીત**

- જે સભ્યો ફીઝીકલ ફોર્મમાં શેર ધરાવે છે અને ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વિસ કે અન્ય માધ્યમો (''ઈલેક્ટ્રોનિક બેંક મેન્ડેટ'') મારફત ઈલેક્ટ્રોનીકલી ડિવિડન્ડ તેમના બેંક ખાતામાં સીધું જ મેળવવા માટે તેમનો મેન્ડેટ અપડેટ કરાયેલ નથી તેઓએ તેમના બેંક એકાઉન્ટની વિગતો જેવી કે બેંકનું નામ અને બ્રાંચ, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડને ISR-1 ફોર્મમાં ભરીને અથવા ઈ-મેઈલ દ્વારા E-Sign કરીને einward.ris@kfintech.com અથવા kfintech ને મોકલવું. ફોર્મ ISR-1, કંપનીની વેબસાઈટ www.gujaratgas.com ઉપર પણ ઉપલબ્ધ છે.
- ડિમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમના ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે તેમનો ઈલેક્ટ્રોનિક બેંક મેન્ડેટ અપડેટ કરાવી લેવા વિનંતી.

**૪ AGM માં રાખવામાં આવેલ ઠરાવો ઉપર વોટ કરવાની રીત**

AGM ની નોટિસમાં શેરધારકોને બધા ઠરાવો ઉપર વોટ કરવામાં માટે રિમોટ ઈ-વોટીંગની સુવિધા પૂરી પડાશે. વધારામાં AGM દરમિયાન કંપની E-Voting સુવિધા દ્વારા વોટ કરવાની સુવિધા પૂરી પાડશે. રિમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગની વિગતો AGM ની નોટિસમાં આપવામાં આવશે. આ માહીતી કંપનીની વેબસાઈટ www.gujaratgas.com અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વીસીસ લિમિટેડ (સીડીએસએલ) ની વેબસાઈટ www.evotingindia.com ઉપર પણ ઉપલબ્ધ હશે.

**૫. AGM માં ડિવિડન્ડ જાહેર કરવામાં આવે તો તેને ચૂકવવાની રીત, રેકોર્ડ ડેટ અને ડિવિડન્ડ આવક ઉપર કર**

**ડિવિડન્ડ અને તેની રેકોર્ડ ડેટ**

૩૧ માર્ચ, ૨૦૨૩ના નાણાંકીય વર્ષ માટે, AGM માં જો શેરધારકો મંજૂરી આપે તો તા. ૧૦ મે, ૨૦૨૩ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગમાં રૂા. ૨/- ના શેર ઉપર શેરદીઠ રૂપિયા ૬.૬૫ (એટલે કે ૩૩૨.૫%) નું ડિવિડન્ડ ભલામણ કર્યું છે.

૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ માટે રૂા. ૨/- ના શેર ઉપર શેરદીઠ રૂપિયા ૬.૬૫ ( એટલે કે ૩૩૨.૫ %) ડિવિડન્ડ ના અધિકાર માટે સોમવાર ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ને રેકોર્ડ ડેટ નક્કી કરેલ છે.

**જો ડિવિડન્ડ જાહેર કરવામાં આવે તો ડિવિડન્ડ ચૂકવવાની રીત**

૧૧મી AGM માં જો શેરધારકો ડિવિડન્ડને મંજૂરી આપે તો, જે શેરધારકો તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ છે, તે શેરધારકોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી ડિવિડન્ડ ચૂકવવામાં આવશે. જે શેરધારકો એ તેમની બેંક માહિતી અપડેટ કરાવી નથી, તેઓને તેમના રજીસ્ટર્ડ થયેલ સરનામા ઉપર ડિવિડન્ડ વોરંટ / ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવામાં આવશે.

ડિવિડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવા માટે અને ચૂકવણીની તારીખે જ પોતાના બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરના ફકરા ત્રણમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી.

**ડીવીડન્ડ પર (ટીડીએસ) આવક વેરો**

કંપની દ્વારા તા. ૮મી જુલાઈ, ૨૦૨૩નાં અલગ ઈ-મેઈલથી સભ્યોને આવક વેરા કાયદો ૧૯૬૧ના આદેશ મુજબ કંપનીએ વેરો કાપીને રાખવા (ટીડીએસ - ટેક્ષ ડિડક્ટેડ એટ સોર્સ) બાબતે જાણ કરેલ છે. આ પત્ર વ્યવહારમાં સભ્યો એ ટીડીએસ કાપવામાંથી મુક્તિ મેળવવા ના જરૂરી દસ્તાવેજો / ડિક્લેરેશન / ફોર્મ જમા કરાવવા વિગેરે બાબતે પણ જાણકારી આપી છે. આ પત્ર વ્યવહાર કંપનીની વેબ સાઈટ https://www.gujaratgas.com/investors/tds-on-dividend/ પરથી મળી શકશે. ઉપરોક્ત પત્ર વ્યવહારમાં દર્શાવેલ જરૂરી વિગતો ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં પુરી પાડવા સભ્યશ્રીઓને વિનંતી. ઉપરોક્ત સમય મર્યાદા બાદ ટેક્ષ નક્કી કરવા / ન કાપવા બાબતનો કોઈ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવાશે નહીં. શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેમના દસ્તાવેજો /ફોમ કંપનીના અપલોડ સેન્ટર ઉપર (R&TA) https://ris.kfintech.com/form15/ અપલોડ કરવા વિનંતી. ફોમ્સ, ઉપર દર્શાવેલ નિર્ધારીત માધ્યમના રૂપમાં જ સ્વીકારશે. બીજા અન્ય કોઈ માધ્યમનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

એમસીએના પરિપત્રો / અને સેબીના પરિપત્રોનું પાલન કરીને ઉપરોક્ત માહિતી તમામ સભ્યશ્રીઓના લાભ અને માહિતી માટે આપવામાં આવેલ છે.

**૬. ઈક્વીટી શેર્સના ડીમટીરીયાલાઈઝેશન માટે વિનંતી**

રેગ્યુલેશન ૪૦ પ્રમાણે SEBI (લિસ્ટીંગના બંધનકારક કરાર અને ડિસ્કલોઝરની આવશ્યકતા) રેગ્યુલેશન ૨૦૧૫ના સુધારા પ્રમાણે, ટ્રાન્સમિશન અને ટ્રાન્સપોઝીશન સિવાયના શેર્સ ૧ લી એપ્રિલ ૨૦૧૯થી લિસ્ટેડ કંપનીના શેર્સ ફક્ત ડિમટીરીયાલાઈઝડ ફોર્મમાં જ ટ્રાન્સફર કરી શકાશે. ફીઝીકલ શેર્સ સાથે સંકળાયેલા બધા જોખમોથી બચવા ફીઝીકલ શેર્સ ધરાવતા શેરધારકોને વિનંતી છે કે આપના ફીઝીકલ શેર્સ ડીમટીરીયાલાઈઝડ ફોર્મમાં તબદીલ કરાવશો. આ અંગેનો પત્ર વ્યવહાર ડીમટીરીયાલાઈઝડ ફોર્મમાં શેર્સ રાખવાના ફાયદા અંગે અમારી વેબસાઈટ ઉપર પણ જોઈ શકો છો. https://www.gujaratgas.com/resources/downloads/intimation-to-shareholders05092018.pdf

**ગુજરાત ગેસ લિમિટેડ વતી**
**સહી/-**
**સંદીપ દવે**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૩/૦૮/૨૦૨૩**



HESTER

## હેસ્ટર બાયોસાયન્સીસ લીમીટેડ

સીઆઈએન : L99999GJ1987PLC022333
રજીસ્ટર્ડ ઓફિસ: પહેલો માળ, 'પુષ્પક', પંચવટી ચાર રસ્તા, મોતીલાલ હિરાભાઈ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત. ફોન: +૯૧૭૯૨૬૪૪૫૧૦૬ ફેક્સ: +૯૧૭૯૨૬૪૪૫૧૦૫
ઈ-મેલ: cs@hester.in વેબસાઈટ: www.hester.in

**૩૬મી વાર્ષિક સામાન્યસભા, ઈ-વોર્ટીંગ અને બુક બંધ અંગે નોટિસ**

આથી સભ્યોને નોટિસ આપવામાં આવે છે કે કંપનીની ૩૬મીવાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવાર, તા.૨૦ સપ્ટેમ્બેર ૨૦૨૩નારોજ સવારે૧૦-૩૦કલાકે (આઇ. એસ. ટી.)વીડીયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડિઓ વીડીયો માધ્યમ (ઑએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવ્યા મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે.

કોર્પોરેટ ઓફિસ મંત્રાલયના સામાન્ય પરિપત્રો, તારીખ ૧૩એપ્રિલ ૨૦૨૦, ૫ મે ૨૦૨૦, ૮ ડિસેમ્બર ૨૦૨૧, ૫ મે ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨("સામાન્ય સભાઓ માટેના એમ.સી.એ. પરિપત્રો"), સેબીના પરિપત્રો, કંપનીઓના કાયદા, ૨૦૧૩ ની સંબંધિત જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસકલોઝર રીકવાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ ના પાલનમાં, કંપનીના સભ્યોની એજીએમ વીસી / ઓએવીએમ દ્વારા યોજવામાં આવશે. ઉપરોક્ત પરિપત્રો ના અનુસંધાનમાં, વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ સાથે એજીએમની નોટિસ ફક્ત તે જ સભ્યોને ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવી રહી છે, જેમના ઇ-મેઇલ આઇડી કંપની અને ડિપોઝિટરી સમક્ષ નોંધાયેલા છે.

સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩કંપનીની વેબસાઇટ: www.hester.in, સ્ટોક એક્સચેંજની વેબસાઇટો - બીએસઈ લિમિટેડ:www.bseindia.comઅને નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઇન્ડિયા લિમિટેડ: www.nseindia.com પર ઉપલબ્ધ રહેશે, તથા રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડનાર સંસ્થા સીડીએસએલ ની વેબસાઇટ:www.evotingindia.comપર પણ ઉપલબ્ધ છે. સભ્યો એજીમમાં ફક્ત વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા જ હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે.

એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે અને કંપનીઓના કાયદા, ૨૦૧૩ ની કલમ ૧૦૩ અન્વયે, વીસી / ઓએવીએમ દ્વારા જોડાયેલ સભ્યોને, હાજર રહેલ સભ્યોની ગણતરીના હેતુ માટે માન્ય રહશે. સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ તથા કલમ ૧૦૮ ઓફ કંપનીના કાયદા, ૨૦૧૩ અને કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ ની જોગવાઈઓને અનુસસાર, સભ્યોને ઇ-વોટિંગની સુવિધા સીડીએસએલ મારફતે પ્રદાન કરવા માં આવેલ છે, જે દ્વારા એજીમની નોટિસમાં દર્શાવેલ ઠરાવો પર તમારો મત આપી શકાય છે. કંપની દ્વારાએજીએમ ("ઇ-વોટિંગ") દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પ્રદાન કરેલ છે. સભ્યોના મતદાન અધિકારો તેમના ઇક્વિટી શેરના હોલ્ડિંગ બુધવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ (કટ-ઓફ ડેટ) પ્રમાણે રહેશે.

રિમોટ ઈ-વોટિંગ રવિવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સવારે ૯:૦૦ વાગ્યે (આઇ. એસ. ટી.)શરૂ થશે અને મંગળવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે(આઇ. એસ. ટી.) સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે અને ત્યારબાદ સીડીએસએલ દ્વારા ઇ-મતદાન મોડ્યુલ બંધ કરી દેવા માં આવશે. તે સભ્યો, જેઓ વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા એજીએમમાં હાજર રહેશે અને રિમોટ ઇ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો ન હોય તો તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવશે નહીં, તે એજીએમ દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવા માટે પાત્ર બનશે. જે સભ્યોએ એજીએમ પહેલા રિમોટ ઇ-વોટિંગ દ્વારા મત આપ્યો છે તે વીસી / ઓએવીએમ દ્વારા પણ એજીએમમાં ભાગ લઈ શકે છે, પરંતુ તેઓ ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહી.

સભ્યોએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે કે ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે ઇક્વિટી શેર દીઠ ₹૮ (૮૦%) ના ડિવિડન્ડની ભલામણ કરવામાં આવી છે, જે આગામી વાર્ષિક સામાન્ય સભામાં સભ્યોની મંજૂરીને આધિન છે.કંપનીઓનાકાયદા૨૦૧૩ અનેસેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસકલોઝર રીકવાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ ના નિયમ ૪૨ અનુસાર, ગુરુવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩ થી બુધવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૩(બંને દિવસો સહિત), ૩૬મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) યોજવા અને ડિવિડન્ડ ચુકવણી હેતુથી કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રાખવામાં આવશે, ડિવિડન્ડ મેળવવા માટે સભ્યોની હકદારી નક્કી કરવાના હેતુ માટેની નોંધણી તારીખ બુધવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ રહશે.

ફિજિકલ શેર ધરાવતા સભ્યો અને જેમણે હજુ સુધી તેમનું ઈમેલ એડ્રેસ અને એડ્રેસમા નોંધણી કે ફેરફાર કરાવેલ નથી, તેઓ રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજેંટને નોંધણી કે ફેરફાર કરવા માટે વિનંતી મોકલી શકે છે, લિંક ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (યુનિટ: હેસ્ટર બાયોસાયન્સીસ લિમિટેડ), ૫૦૬ થી ૫૦૮, અમરનાથ બિઝનેસ સેન્ટર - ૧, ગાલા બિઝનેસ સેન્ટર પાસે, સી. જી. રોડ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦૦૬, ઈમેલ આઈડી: ahmedabad@linkintime.co.in અથવા કંપનીને cs@hester.inપર યોગ્ય રીતે ભરેલું અને સહી કરેલું ફોર્મ ISR-1 મોકલીને (સાથે જરૂરી સહાયક દસ્તાવેજો), ફોર્મ કંપનીની વેબસાઇટ www.hester.inપર અપલોડ કરવામાં આવેલ છે. ડિમટેરિલાઈઝ્ડ ફોર્મમાં શેર ધરાવનારા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ડીમેટ એકાઉન્ટની જાળવણી જેમની સાથે કરે છે તે ડીપીપાસે ઈમેલ એડ્રેસ અને એડ્રેસ ની નોંધણી કે ફેરફાર માટે વિનંતી કરી શકે છે.

ફિજિકલ શેર ધરાવતા સભ્યો અને જેમણે હજુ સુધી તેમના બેંક ખાતા ની વિગતો ની નોંધણી કે સુધારા કરાવેલ નથી, તેઓ રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજેંટને નોંધણી કે સુધારા માટે વિનંતી મોકલી શકે છે, જેથી ડિવિડન્ડ સીધુ જ બેંક ખાતા મા જમા થઈ શકે તે માટે સભ્યો ફોર્મ ISR-2 યોગ્ય રીતે ભરી તથા સહી કરીને (સાથે જરૂરી સહાયક દસ્તાવેજો) રજિસ્ટ્રાર ને મોકલી આપવું, ફોર્મ કંપનીની વેબસાઇટ www.hester.inપર અપલોડ કરવામાં આવેલ છે. ડિમટેરિલાઈઝ્ડ ફોર્મમાં શેર ધરાવનારા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ડીમેટ એકાઉન્ટની જાળવણી જેમની સાથે કરે છે તે ડીપીપાસે બેંક ખાતા ની વિગતો ની નોંધણી કે ફેરફાર માટે વિનંતી કરી શકે છે.

ઇમેઇલ સરનામું નોંધણી/ અપડેટ અથવા બેંક ખાતાની વિગતો અથવા ડિવિડન્ડ પર ટીડીએસ સંબંધિત બાબતોની કોઈપણ માહિતી માટે, સભ્યો કંપનીના આરટીએનો સંપર્ક ahmedabad@linkintime.co.inપર અથવા કંપનીને ઇમેઇલ cs@hester.inપર મોકલાવી શકે છે.

**હેસ્ટર બાયોસાયન્સીસ લીમીટેડ**
**એસડી/-**
**વિનોદ માળી**
**કંપની સેક્રેટરી અને કંપલાયન્સ ઓફિસર**

**તારીખ: ૨૩ ઓગસ્ટ ૨૦૨૩**
**સ્થળ: અમદાવાદ**